
# પાલનપુર મર્ડર કેસનો ઉકેલ આવ્યો : અનૈતિક સંબંધોનો લોહીયાળ અંજામ

## મૃતક આરોપીની પત્નિ સાથે પ્રણયફાગ ખેલતો હતો : આરોપીએ પોતાનું જ કાસળ કાઢી નાંખવાની બંનેની વાત મોબાઈલ ચીપ દ્વારા સાંભળી લેતા બનેવી સાથે મળીને પત્નિના પ્રેમીને મોતને ઘાટ ઉતાર્યો

પાલનપુર, તા. ૧૦

પાલનપુરના કિર્તીસ્તંભ રોડ પર આવેલ બનાસ હેલ્થ લેબોરેટરીમાં રવિવારે એંગોલો ગામના વતની રજનીશ ઉર્ફે જગદીશ અંબાલાલ સોલંકીની તિક્ષ્ણ હથીયારના ઘા ઝીંકીને કરપીણ હત્યા કરવામાં આવી સમગ્ર વહીવટીતંત્રને મામલો થાળે પાડતા નાકે દમ આવી ગયો હતો. જો કે ગણતરીના કલાકોમાં આ મર્ડર કેસનો ભેદ ઉકેલાઈ ગયો હતો અને આરોપી પોલીસના શરણે થઈ ગયો હતો. મૃતકના પરિવારજનો, ગ્રામજનો અને અનેક મહિલાઓ સાથેના ટોળાએ કરેલી માંગના કારણે પ્રાંત અધિકારી સ્વીકાર્યો હતો. જો કે બીજા દિવસે એટલે કે આજે પણ આ ટોળાએ શહેરના દિલ્હીગેટથી રેલવેસ્ટેશન માર્ગની સીમલા ગેટ સુધીના વેપારધંધા બળજબરીથી બંધ રખાવ્યા હતા.

આ મર્ડર કેસનો જો કે ગણતરીના કલાકોમાં જ ઉકેલ આવી ગયો પ્રણયફાગની વાતો સાંભળી લીધી હતી. આ વાતોમાં બંનેએ રમેશનું કાસળ કાઢી નાંખવાની પણ વાત હોવાથી પોતે સચેત બની રવિવારે મોકો જોઈને તેના બનેવી વિનોદ ભેમજીભાઈ ચૌહાણ રહે. જગાણા સાથે બનાસ હેલ્થ લેબોરેટરીમાં જઈને જગદીશની હત્યા કરી નાસી છુટ્યા હતા.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હતી. આ હત્યાના પ્રત્યાઘાત રૂપે આજે આશરે ૫૦૦ ગ્રામજનોના ટોળાએ આખો માર્ગ બંધ કરાવી પોલીસ અને વહીવટીતંત્ર સમક્ષ મૃતકનું પેનલ પીએમ કરાવવાની અને સીઆઈડી ક્રાઈમ દ્વારા તપાસ કરવાની માંગણી કરી હતી. આ ટોળામાં મૃતકના સગાઓએ જ્યાં સુધી તેમની માંગણી ના સંતોષાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાની ના પાડી દેતા પોલીસ અને જે.બી. દેસાઈ, મામલતદાર ગીતા રબારી, નાયબ મામલતદાર ઉદય જોષી, પ્રોબેશનલ એસ.પી. માંડલીકર, ડીવાયએસપી નિનામા સહિત અધિકારીઓની ફોજ ઉતરી પડી હતી. આ અધિકારીઓએ મૃતકના પરિવારજનો સાથે ચર્ચા કરી તેમને સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપવાની બાંહેધરી આપતા મામલો થાળે પડ્યો હતો અને સગાઓએ મૃતદેહને હતો અને આરોપી રમેશ ધર્માભાઈ પરમારે પોતાની પત્નિ સાથે મૃતકના આડા સંબંધની અને તે બંને વચ્ચે પોતાનું જ કાસળ કાઢી નાંખવાની થયેલી વાતો સાંભળી લેતા આ કૃત્ય આચર્યુ હતુ. પાલનપુર તાલુકાના વાઘણા ગામના રહેવાસી રમેશ ધર્માભાઈ પરમારે પોતાની પત્નિના મોબાઈલમાં ચીપ નાંખીને મૃતક રજનીશ ઉર્ફે જગદીશ ચૌહાણના પોલીસે આરોપીઓને પકડી તપાસ હાથ ધરતા તેમણે ગુનાની કબુલાત કરી લેતા આ ખૂન કેસનો ઉકેલ આવી ગયો હતો. જો કે પોલીસે હજુ આ બાબતમાં વધુ તપાસ હાથ ધરી છે પરંતુ પરિણીત હોવા છતાં અનૈતિક સંબંધોના કારણે આ લોહીયાળ ઘટના બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામેલ છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાની લક્ષ્મીપુરા ગામની પ્રાથમિક શાળામાં સોમવારના રોજ ઠંડીથી રક્ષણ માટે બાળકોને ગરમ સ્વેટર આપવામાં આવ્યા હતા. લક્ષ્મીપુરા ગામના વિરેન્દ્રભાઈ ચૌહાણ, કનુભાઈ ચૌહાણ, અશોકભાઈ રાવ, રોહિતભાઈ પરીખ, રમેશભાઈ ગીહાની, સુરેશભાઈ નાગર તરફથી શાળાના ૧૫૬ બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા જ્યોત્સનાબેન પ્રજાપતિ સહિત શિક્ષણ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## તલોદમાં લોન આપવાની લાલચ આપી મહિલાઓ પાસેથી નાણા પડાવી લેનાર ઝડપાયો

### ફાઈલ ચાર્જના નામે ૧૫૦ થી ૨૦૦ મહિલાઓ પાસેથી સાડાચાર લાખથી વધુની છેતરપીંડી કરી ભાગી ગયો

તલોદ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે સમગ્ર તાલુકામાં મહિલાઓને લોન આપવાના બહાને એક ઠગે ફાઈલ ચાર્જના નાણા ઉઘરાવી આબાદ છેતરપીંડી કરી હતી. આ શખ્સે લગભગ ૧૫૦ થી ૨૦૦ મહિલાઓને લોનની લાલચ આપી કુલ સાડા ચારથી પાંચ લાખની છેતરપીંડી કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે. પીડીત મહિલાઓ અને તેમના પરિવારજનોએ મળીને આ શખ્સને ગોધરા નજીકથી પકડી લાવી પોલીસને સોંપ્યો હતો.

તલોદના બગીચા વિસ્તારમાં ઊંચા ભાવે ભાડે ઓફિસ રાખી આરોપી કમલેશકુમાર રામજીભાઈ વણકર ઉર્ફે સંદિપ પટેલ (રહે. નંદેસર, તા. ગોધરા)એ બાબા માઈક્રો ફાઈનાન્સ પ્રા.લિ.ના નામે પેઢી કાર્યરત કરી હતી. આ પેઢીમા તેમણે મહિલાઓને લોન આપવાની લાલચ આપી તેમની પાસેથી ફાઈલ ચાર્જ પેટે રૂ. ૧૫૦૦ ઉઘરાવ્યા હતા. તલોદ તાલુકાની આશરે ૧૫૦ થી ૨૦૦ મહિલાઓને તેમે પોતાની જાળમાં ફસાવી લગભગ સાડાચાર લાખથી પાંચ લાખ રૂપિયા ફાઈલ ચાર્જના નામે ઉઘરાવ્યા હતા. લાંબા સમય સુધી આ મહિલાઓને લોન ન મળતા તેની તપાસ કરી હતી ત્યારે આરોપી પોતાના વતન ભાગી ગયો હતો. આથી પોતે છેતરાયા હોવાનુ માલુમ પડતા કેટલીક મહિલાઓએ તેમના પતિ અને પરિવારજનો સહિત ગોધરા જઈને તપાસ કરતા આરોપીને તેના ગામેથી ઝડપી પાયો હતો. આ આરોપીને તેમણે તલોદ લાવી પોલીસને સોંપ્યો હતો. પોલીસે ફરિયાદી પીડીત મહિલા પ્રાર્થનાબેન મનિષકુમાર દરજી (રહે. હરસોલ, તા. તલોદ)ની ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી હતી.

## મેઘરજની ૧૯ વર્ષીય યુવતી પર બળાત્કાર

### ભેમાપુર ગામના ચાર શખ્સો સામે પોલીસ ફરીયાદ : પોલીસે નરાધમોને ઝડપી લેવા ચક્રો ગતીમાન કર્યા

મોડાસા, તા. ૧૦

મેઘરજ તાલુકાના એક ગામની ૧૯ વર્ષીય યુવતીને ભેમાપુર ગામના નરાધમ લગ્નની લાલચ આપી તેના અન્ય ત્રણ સાગરીતો સાથે મળી યુવતીને ભગાડી ગયો હતો અને બાદમાં વારંવાર તેની પર બળાત્કાર ગુજારી નાશી છુટ્યો હતો. આ સંદર્ભે મેઘરજ પોલીસ સ્ટેશને ફરીયાદ કરાતા પોલીસો આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર મેઘરજ તાલુકાના ભેમાપુર ગામનો માધુ પરથીભાઈ કટારાએ નજીકના જ એક ગામની ૧૯ વર્ષીય યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. બાદ લગ્નની લાલચ આપી તેના અન્ય ૩ મદદગારો સાથે મળી એક માસ અગાઉ યુવતીને તેના ઘરેથી મોટરસાઈકલ પર ભગાડી ગયો હતો. બાદ દાનત ધરાવતા નરાધમ શખ્સ માધુએ યુવતીને જુદા જુદા સ્થળોએ ફેરવી વારંવાર તેની મરજી વિરૂદ્ધ તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. નરાધમ માધુએ યુવતીના સોના ચાંદીના દાગીના પણ પોતાના સાગરીતોની સાથે જઈ મોડાસામાં વેચી નાખી ચારેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. જેથી આ પીડીતાએ મેઘરજ પોલીસ મથકમાં ભેમાપુર ગામના માધુ સહિત તેને ૩ મદદગારો સામે ફરિયાદ કરી હતી. પોલીસે પીડીતાની ફરિયાદ નોંધી યુવતીને મેડીકલ ચેકઅપ માટે અમદાવાદ હોસ્પિટલમાં મોકલી આપી હતી. પોલીસે હાલ આ બળાત્કારના આરોપીને પકડવા માટે ચક્રો ગતીમાન કર્યા છે.


(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

## મોડાસામાં ટી.આર.બી. જવાને વિજપોલ સાથે જીપડાલુ અથડાવી ભયનો માહોલ સર્જ્યો

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા મોડાસા શહેરમાં માર્ગ સલામતી અને અકસ્માત નિવારણની કાર્યવાહી જોરશોરથી ચાલી રહી છે. આવી જ એક કામગીરી દરમ્યાન ટી.આર.બી. જવાને કાયદો હાથમાં લઈ જપ્ત કરાયેલ જીપડાલાને જાતે સ્ટીયરીંગ પર બેસીને ચલાવવા જતાં અણઆવડતના કારણે બસ સ્ટેન્ડના જીપડાલાને વીજપોલ સાથે અથડાવી દીધુ હતુ. મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાસે આવેલી બીયો પોલીસ ચોકીમાં ફરજ બજાવતા ટી.આર.બી. જવાને આજે એક જીપડાલાના ચાલકને ઉભી રાખવાની કોશિષ કરતા જીપચાલક ઉભો રહ્યો ન હતો. તેથી ગુસ્સે ભરાયેલા ટી.આર.બી. જવાન જીપડાલામાં બળજબરી ચડી બેઠેલો હતો. તે દરમ્યાન જીપના


(તસવીર : જય અમીન, મોડાસા)

રહીશોથી ભરચક વિસ્તારમાં બે જણને ઘાયલ કરી વીજ થાંભલા સાથે અથડાવતા લોકોમાં અચરજ અને ભયનો માહોલ જોવા મળ્યો હતો.

મોડાસા કલેક્ટર કચેરી જવાના માર્ગ પર ટ્રાફીકનું નિયમન કરતા ટી.આર.બી. જવાને એક જીપડાલાને જાતેજ કાબુમાં લી જીપ હંકારતા ૨ જણાને ઘાયલ કર્યા હતા અને એક્સીલેટરનું ચપલુ દબાઈ જતા જીપડાલાએ એક મહિલા અને ૧ પુરૂષ તેમજ નાના બાળકને અડફેટે લીધુ હતુ. જો આ જીપડાલુ વીજ થાંભલા જોડે અથડાયુ ના હોત તો આજે આ ભરચક વિસ્તારમાં આવેલા કેટલાય લોકો ભોગ બન્યા હોત અને આવી ઘટના બનવા છતાં પોલીસના જવાન પર કોઈ જ ઘટના નોંધાયેલ નથી.



## લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા

ખેડબ્રહ્મા તાલુકાની લક્ષ્મીપુરા ગામની પ્રાથમિક શાળામાં સોમવારના રોજ ઠંડીથી રક્ષણ માટે બાળકોને ગરમ સ્વેટર આપવામાં આવ્યા હતા. લક્ષ્મીપુરા ગામના વિરેન્દ્રભાઈ ચૌહાણ, કનુભાઈ ચૌહાણ, અશોકભાઈ રાવ, રોહિતભાઈ પરીખ, રમેશભાઈ ગીહાની, સુરેશભાઈ નાગર તરફથી શાળાના ૧૫૬ બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા જ્યોત્સનાબેન પ્રજાપતિ સહિત શિક્ષણ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## દાંતા અને અમીરગઢ મુકામે લોકદરબાર યોજાશે

પાલનપુર, તા. ૧૦

કલેકટરશ્રી બનાસકાંઠા ધ્વારા દાંતા અને અમીરગઢ તાલુકાની જાહેર જનતાને જણાવાયું છે કે દાંતા અને અમીરગઢ તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) આગામી તા.૨૪ મી નવેમ્બર-૨૦૧૪ના રોજ દાંતા મુકામે સવારના-૧૦ કલાકે અને અમીરગઢ ખાતે બપોરે-૩-૦૦ વાગે કુટીર ઉધોગ, મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન મંત્રીશ્રી તથા જીલ્લાના સહ-ભારીમંત્રીશ્રી તારાચંદ છેડાની અધ્યક્ષતામાં મામલતદાર કચેરી દાંતા અને અમીરગઢ ખાતે યોજાનાર છે.

## સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના હોદ્દેદારકોની વરણી કરાઈ

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘની મીટીંગ પ્રાંતિજ તાલુકાના નાયબ કલેક્ટર અને ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં મળી હતી. આ મીટીંગમાં સંઘના અધ્યક્ષ તરીકે છેલ્લા ૩૭ વર્ષોથી સેવાઓ આપી રહેલા માજી ધારાસભ્ય, જિલ્લા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ અને અગ્રણી સહકારી કાર્યકર અંબાલાલ ઉપાધ્યાયની ચેરમેન પદે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત આ મીટીંગમાં ઉપાધ્યક્ષ પદ માટે મેઘરજના નાવલસિંહજી બિહોલા તેમજ માનદ્મંત્રી તરીકે વડાલીના ધુળાભાઈ ટી. પટેલ ચૂંટાયા હતા. તમામ વરણી પામેલ હોદ્દેદારોનો જિલ્લાના સહકારી કાર્યકરો, સંઘના બોર્ડના સભ્યો તેમજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



## ભાભર અને લાખણી મુકામે લોકદરબાર યોજાશે

કલેકટરશ્રી બનાસકાંઠા ધ્વારા ભાભર અને લાખણી તાલુકાની જાહેર જનતાને જણાવાયું છે કે ભાભર અને લાખણી તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) આગામી તા.૨૫ મી નવેમ્બર-૨૦૧૪ના રોજ ભાભર મુકામે બી.આર.સી.ભવનમાં સવારના-૧૦ કલાકે અને લાખણી ખાતે બપોરે-૩-૦૦ વાગે મહાત્મા ગાંધી હોલ, સબ માર્કેટયાર્ડ, લાખણી ખાતે કુટીર ઉધોગ, મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન મંત્રીશ્રી તથા જીલ્લાના સહ-ભારીમંત્રીશ્રી તારાચંદ છેડાની અધ્યક્ષતામાં યોજાનાર છે. આ કાર્યક્રમમાં આપના વણઉકેલ્યા ?ોના નિકાલ માટે આપની અરજીઓ મંગાવવામાં આવે છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦